


### ભાજપ વર્ચસ્વ જાળવશે કે કેમ તેને લઈને સસ્પેન્સ

# સૌરાષ્ટ્ર-કચ્છના પરિણામ ખૂબ મહત્વના સાબિત થશે

અમદાવાદ,તા. ૧૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામ આવતીકાલે આવનાર છે ત્યારે કોંગ્રેસ અને ભાજપ બંને પોતપોતાની મજબૂત બેઠકને લઈને પણ આશાવાદી છે. સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં કેટલીક બેઠકો ઉપર ભાજપનું અને કેટલીક બેઠકો ઉપર કોંગ્રેસનું વર્ચસ્વ રહેલું છે. સૌરાષ્ટ્રની આશરે ૨૦ બેઠકો, મધ્ય ગુજરાતની ૧૯ બેઠકો, ઉત્તર ગુજરાતની ૧૩ બેઠકો અને દક્ષિણ ગુજરાતની ૧૧ બેઠકોને ભાજપ પોતાના ગઢ તરીકે ગણે છે. એકંદરે સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભાજપ વિશ્વાસપાત્ર સીટ તરીકે ૨૯ સીટને ગણે છે જેમાં ભાજપને જીતની આશા દેખાઈ રહી છે.

વર્ષ ૨૦૦૭માં સૌરાષ્ટ્ર-કચ્છની ૫૮ સીટ પૈકી ભાજપે ૪૩ અને કોંગ્રેસે ૧૪ બેઠકો જીતી હતી. જ્યારે વર્ષ ૨૦૦૨માં સૌરાષ્ટ્ર અને કચ્છની ૫૮ સીટ પૈકી ભાજપે ૩૯ સીટ અને કોંગ્રેસે ૧૮ સીટ જીતી હતી. મધ્ય ગુજરાતની વાત કરવામાં આવે તો ભાજપે વર્ષ ૨૦૦૨માં ૩૮ અને કોંગ્રેસે ૫ બેઠકો જીતી હતી. ૨૦૦૭માં ભાજપે ૧૮ અને કોંગ્રેસે ૨૨ બેઠકો જીતી હતી.

અન્યોને ત્રણ બેઠકો મળી હતી. સીમાંકન બાદ સૌરાષ્ટ્ર અને કચ્છમાં સીટ ૫૮થી ઘટીને ૫૪ થઈ છે. જ્યારે મધ્ય ગુજરાતમાં સીમાંકન બાદ ૪૩થી ઘટીને ૪૦ થઈ છે. ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં પણ ભાજપે દબદબો જારી રાખ્યો છે. ૨૦૦૭માં ઉત્તર ગુજરાતમાં ૩૮ બેઠકો ભાજપે જીતી હતી જ્યારે કોંગ્રેસે ૧૩ બેઠકો જીતી હતી. દક્ષિણ ગુજરાતમાં ૨૦૦૨માં ભાજપે ૧૫ અને ૨૦૦૭માં ૧૮ બેઠકો ઉપર સપાટો બોલાવ્યો હતો. દક્ષિણ ગુજરાતમાં સીમાંકન બાદ સીટ ૨૯થી વધીને ૩૫ થઈ છે. આવી જ રીતે ઉત્તર ગુજરાતમાં સીમાંકન બાદ બેઠકો ૫૨થી વધીને ૫૩ થઈ છે. તમામ વિસ્તારોમાં ભાજપ અને કોંગ્રેસની છેલ્લી બે ચૂંટણીમાં સ્થિતિ શું હતી તે નીચે મુજબ છે.

## છેલ્લી બે ચૂંટણીનું ચિત્ર..

ગુજરાતમાં સિમાંકન બાદ પ્રથમ વખત વિધાનસભાની ચૂંટણી યોજાઈ છે. વિધાનસભાની ચૂંટણીના અગાઉના પરિણામો પર નજર કરવામાં આવે તો મોટાભાગના ક્ષેત્રોમાં ભાજપનું પ્રભુત્વ રહ્યુ છે પરંતુ આ વખતે કઈ લહેર છે તે બાબત આવતીકાલે જાણી શકાશે. ૨૦૦૨, ૨૦૦૭ની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસને કયા ક્ષેત્રમાં કેટલી બેઠકો મળી તે નીચે મુજબ છે.

સૌરાષ્ટ્ર કચ્છની સ્થિતિ

| વર્ષ | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|
| ૨૦૦૨ | ૩૯ | ૧૮ | ૦૧ |
| ૨૦૦૭ | ૪૩ | ૧૪ | ૦૧ |

નોંધ : સિમાંકન બાદ સીટ ૫૮થી ઘટીને ૫૪ થઈ

મધ્ય ગુજરાતનીની સ્થિતિ

| વર્ષ | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|
| ૨૦૦૨ | ૩૮ | ૦૫ | ૦૧ |
| ૨૦૦૭ | ૧૮ | ૨૨ | ૦૩ |

નોંધ : સિમાંકન બાદ સીટ ૪૩થી ઘટીને ૪૦ થઈ

ઉત્તર ગુજરાતનીની સ્થિતિ

| વર્ષ | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|
| ૨૦૦૨ | ૩૫ | ૧૬ | ૦૧ |
| ૨૦૦૭ | ૩૮ | ૧૩ | ૦૧ |

નોંધ : સિમાંકન બાદ સીટ ૫૨થી વધીને ૫૩ થઈ

દક્ષિણ ગુજરાતનીની સ્થિતિ

| વર્ષ | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|
| ૨૦૦૨ | ૧૫ | ૧૨ | ૦૨ |
| ૨૦૦૭ | ૧૮ | ૧૦ | ૦૧ |

નોંધ : સિમાંકન બાદ સીટ ૨૯થી વધીને ૩૫ થઈ

### વાઘેલા વધુ જીત મેળવશે કે કેમ

## સૌથી વધુ વખત ચૂંટાઈ આવેલા ધારાસભ્યો

ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં કેટલાક ઉમેદવારો અનેકવખત જીત મેળવીને મતદારોમાં ભારે લોકપ્રિય રહ્યા છે. જેમાં મોહનસિંહ રાઠવા, શંકરસિંહ વાઘેલા, વજુભાઈ વાળા, મહેન્દ્ર મશરુ, ભરત બારોટનો સમાવેશ થાય છે. આ વખતે પણ આ ઉમેદવારો જીત મેળવીને તેમની લોકપ્રિયતા જાળવી રાખે છે કે કેમ તેને લઈને ચિત્ર આવતીકાલે સ્પષ્ટ થશે. સૌથી વધુ વખત ચૂંટાઈ આવેલા સભ્યોની યાદી નીચે મુજબ છે.

| નામ | પાર્ટી | કેટલી વાર જીત |
|---|---|---|
| મોહનસિંહ રાઠવા | કોંગ્રેસ | ૮ |
| શંકરભાઈ વાઘેલા | કોંગ્રેસ | ૭ |
| વજુભાઈ વાળા | ભાજપ | ૬ |
| દોલતરાય દેસાઈ | કોંગ્રેસ | ૬ |
| પબુબા માણેક | ભાજપ | ૫ |
| મહેન્દ્ર મસરુ | ભાજપ | ૫ |
| ભરત બારોટ | ભાજપ | ૫ |
| લીલાધર વાઘેલા | ભાજપ | ૫ |
| યોગેશ પટેલ | ભાજપ | ૫ |
| છોટુ વસાયા | જેડીયુ | ૫ |
| મંગુભાઈ પટેલ | ભાજપ | ૫ |

# ગુજરાતમાં હેટ્રીક થશે તો દિલ્હી માટે મોદીનો રાહ આસાન બનશે

(ગૌતમ પુરોહિત)

ગાંધીનગર,તા.૧૮

ગુજરાતમાં વિજયની દિશા પકડીને ૨૦૧૩ના અંત સમયમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીની વાટ પકડે તેવી સંભાવના હવે મજબૂત બનતી જાય છે. ૨૦૧૪નું લોકસભાનું ઈલેક્શન રાહુલ ગાંધી વિરૂદ્ધ નરેન્દ્ર મોદી રહેશે તેવું લાગી રહ્યું છે. રાજકીય પંડિતો એવું કહી રહ્યાં છે કે ભાજપ અને એનડીએ મોદીને વડાપ્રધાનના દાવેદાર તરીકે પ્રોજેક્ટ કરી શકે છે.

**વાજપેયીની હરોળના નેતાઓ એવું નથી ઈચ્છતા કે મોદી રાષ્ટ્રીય રાજકારણમાં આવે,જો કે યુવા નેતાઓની ફોજ મોદીને પ્રોજેક્ટ કરી રહી છે તેઓ માને છે કે મોદી આવશે તો નવું એનડીએ બનશે**

ગુજરાતમાં છેલ્લા ૧૧ વર્ષથી શાસન કરી રહેલા નરેન્દ્ર મોદીને વડાપ્રધાન તરીકે પ્રોજેક્ટ કરવામાં ગુજરાતની જનતા, દેશની સેલિબ્રિટીઝ, કોર્પોરેટ જગતના માંધાતાઓ અને અનેક રાજ્યોના ભાજપના નેતાઓએ અવતરણો આપ્યાં છે પણ મોદીએ કોઈ પ્રતિભાવ આપ્યો નથી. તેઓ હંમેશ કહે છે કે હું ૬ કરોડ ગુજરાતીઓ માટે સર્જાયેલો છું. મોદીએ ૪૧૦૦ દિવસોમાં ક્યારેય એમ નથી કહ્યું કે હા, હું વડાપ્રધાનનો ઉમેદવાર છું. હું પીએમ બનવા માગું છું.

વિધાનસભાની ૧૮૨ બેઠકો પૈકી ભાજપને ૧૧૭થી વધારે બેઠકો મળશે તો મોદી ભારતના રાજકારણમાં કિંગમેકરની ભૂમિકામાં હશે તે વાતનો ઈન્કાર થઈ શકતો નથી. એનડીએના ઘટક પક્ષો મોદીને પ્રાઈમમિનિસ્ટરના કેન્ડિડેટ તરીકે સ્વિકારતા નથી પરંતુ ભાજપના નેતાઓને દિલ્હીમાં સત્તાની વૈતરણી પાર કરવી છે તેથી તેઓ મોદીને આગળ કરી રહ્યાં છે.

ગુજરાતમાં ભાજપની પક્કડ સારી હોવાનું રાષ્ટ્રીય નેતાઓને ગૌરવ છે. મોદી વિજયી બનશે તો તેમને ખુશી થશે. તેમને ખુશી એ વાતની છે કે એક સમૃદ્ધ રાજ્યમાં ભાજપની સરકાર રાજ કરે છે. સંઘ પરિવારને મોદી માટે આશા છે, પણ મોદીના વધતા જતા કદના કારણે પાર્ટીના સિનિયર નેતાઓના મ્હો સિવાઈ ગયા છે. ખાસ કરીને વાજપેયીની હરોળના નેતાઓના પગ નીચેથી જમીન સરકી રહી છે.

શું તમે વડાપ્રધાનના ઉમેદવાર બનશો તેવા એક સીધા સવાલના જવાબમાં મોદીએ એટલું જ કહ્યું હતું કે ગુજરાતમાં રહીને પણ દેશની સેવા થઈ શકે છે. મતદાન કરતી વખતે તેમના આ શબ્દો હતા... એટલું જ નહીં, ગાંધીનગરની ચૂંટણી સભામાં મોદીએ એવું કહ્યું હતું કે આ રીતે હું ૨૦૧૭માં પણ આપની પાસે વોટ માગવા આવવાનો છું....

મોદીને વડાપ્રધાન તરીકે પ્રોજેક્ટ કરવામાં પ્રથમ અડચણ બિહારના નિતીશકુમાર તરફથી આવી શકે છે. પાર્ટીમાં પણ તેમના નામ સામે સિનિયર નેતાઓનો વિરોધ છે. ભાજપના પ્રથમ હરોળના નેતાઓ જેવાં કે અડવાણી, સુષ્મા સ્વરાજ, રાજનાથસિંહ, નિતીન ગડકરી અને યશવંતસિંહાના મનમાં વડાપ્રધાનના લડ્ડુ ફુટી રહ્યાં છે. અલબત્ત, બીજી યંગ હરોળ મોદીની સાથે છે.

ગુજરાતની ચૂંટણીમાં ભાજપને સતત ત્રણ ટર્મથી વિજય અપાવતા મોદીને બાદ કરીએ તો ગુજરાત ભાજપ ઝીરો છે. તેમના જેવો ચાર્મિંગ ચહેરો બીજો મળવો મુશ્કેલ છે. જો તેઓ દિલ્હીની વાટ પકડે તો ગુજરાતમાં તેમના પછી મુખ્યમંત્રી કોણ.... તેવો પ્રશ્ન પાર્ટી સંગઠનને મુંઝવી રહ્યો છે. મોદી પછી પુરુષોત્તમ રૂપાલા, આનંદીબેન પટેલ, સૌરભ પટેલ, નિતીન પટેલ અને વજુભાઈ વાળાના નામની વિચારણા થઈ શકે છે. એક જૂથ અમિત શાહની તરફેણ પણ કરે છે.

ગુજરાતમાં કોંગ્રેસનું છેલ્લું શાસન ૧૯૯૦ સુધી હતું, ત્યારબાદ ચીમનભાઈ પટેલના જનતાદળે કબજો કર્યો હતો. આ ગણિત માંડીએ તો રાજ્યમાં કોંગ્રેસ છેલ્લા ૨૨ વર્ષથી સત્તામાં નથી. ભાજપે ૧૯૯૫, ૧૯૯૮, ૨૦૦૨ અને ૨૦૦૭ની ચૂંટણીઓમાં ભવ્ય વિજય હાંસલ કર્યો છે. હવે ૨૦મી તારીખે એકલા મોદી વિજયની હેટ્રીક કરે છે કે ગુજરાતમાં પરિવર્તન થાય છે તે જોવાનું રહે છે.

મોદીને જો એનડીએની શાસનધૂરા સોંપવામાં આવે તો રાજકીય તજજ્ઞોના મતે મોદીનું એનડીએ અલગ પ્રકારનું હશે, જેમાં નહીં કલ્પ્યા હોય તેવા પક્ષો અને નેતાઓ જોડાયેલા હશે. ભાજપના બીજી હરોળના નેતાઓ મોદીના નેતૃત્વમાં કામ કરવા માગે છે, કારણ કે ગુજરાતમાં સતત હારનો સામનો કરી રહેલી કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓમાં યુવા નેતાઓનું વધતું જતું પ્રમાણ ભાજપમાં અડવાણીને સ્વિકારી શકે તેમ નથી. ભાજપના યુવા નેતાઓ માને છે કે મોદી રાષ્ટ્રીય રાજકારણમાં આવશે તો નવું એનડીએ બની શકે છે.

ગુજરાતનો મતદાર જેમ યુવા નેતાને પસંદ કરે છે તેમ ભાજપના મતદાર માટે યુવા નેતા ફર્સ્ટ ચોઈસ બની શકે છે. એનો મતલબ એ થયો કે ભારતની લોકશાહી ફરી જવાન થતી જાય છે....કોંગ્રેસ યુવા બ્રિગેડને આગળ કરે છે તેમ ભાજપ પણ પરિવર્તન ઈચ્છે છે.

હિન્દુસ્તાનમાં ભાજપ માટે ૧૯૮૯ થી ૧૯૯૯નો સમય ગોલ્ડન પિરીયડ હતો. ભાજપ પાસે મોડરેટ નેતા તરીકે અટલ બિહારી વાજપેયીનો નિર્દોષ ચહેરો હતો. એક સમય હતો, વાજપેયીની ચૂંટણી સભામાં કોંગ્રેસના નેતાઓ પણ તેમને સાંભળવા માટે જતા હતા. ઈન્ડિયા શાઈનિંગ.. સૂત્રએ ભાજપને એવું પછાડ્યું છે કે ભાજપ ફરીથી સત્તાસ્થાને આવી શક્યું નથી.

૨૦૦૯માં ભાજપે વડાપ્રધાનના ઉમેદવાર તરીકે લાલકૃષ્ણ અડવાણીને પ્રોજેક્ટ કર્યા હતા. લોકસભાની છેલ્લી ચૂંટણીમાં અમદાવાદની એક ચૂંટણી સભામાં અડવાણીએ કહ્યું હતું કે ભાજપ સત્તા ઉપર નહીં આવે અને હું વડાપ્રધાન નહીં બનું તો રાજકીય સન્યાસ લઈ લઈશ...તેમના આ શબ્દો હોવા છતાં હજી તેઓ ૨૦૧૪ માટે વડાપ્રધાન પદના આગ્રહી છે.

ગુજરાતમાં ભાજપને જન સમર્થન છે પણ હિન્દુસ્તાનના બીજા રાજ્યોમાં કપરાં ચઢાણ છે તેથી ૨૦૧૪માં ભાજપ સત્તાથી દૂર હોઈ શકે છે. કોંગ્રેસ સાથેનું યુપીએ ગઠબંધન બદલાઈ શકે છે. દેશમાં ભાજપ અને કોંગ્રેસ સિવાયના અન્ય પક્ષોને ગઠબંધનમાં જોડવા માટે રીતસર હોડ મચી શકે છે... મોરચા સરકાર પણ આવી શકે છે... હજી દિલ્હીનું ઈલેક્શન બે વર્ષ દૂર છે પણ તેની તૈયારીઓ ગુજરાતના પરિણામ સાથે શરૂ થઈ શકે તેવી સંભાવના છે.

# રાજકારણીઓ કરતાં મતદારો વધુ શાણા સાબિત થઈ રહ્યા છે

૨૦૧૨ની ચૂંટણીઓમાં કોઈ મુદ્દા મહત્ત્વના ન લગતા ત્રણેય મુખ્ય પક્ષોના નેતાઓ ને કાર્યકરો વ્યક્તિગત, ઉતરતી કક્ષાની ટીકાના સ્તરે ઉતરી આવ્યા હતા. જયારે રાજકીય પક્ષોએ વૈચારિક લડાઈ લડવાની ના હોય ત્યારે તેઓ વ્યક્તિગત આક્ષેપો પર ઉતરી આવે છે. આ વખતે રાજકીય નેતાઓએ વ્યક્તિગત આક્ષેપોનો મારો ચલાવ્યો. આની શરૂઆત નરેન્દ્ર મોદીએ સોનિયા ગાંધી અને 'રાહુલ બાબા' (તેમના શબ્દો) થી કરી. પછી કોંગ્રેસના નેતાઓએ પણ વળતો પ્રહાર કર્યો. અર્જુન મોઢવાડિયાએ નરેન્દ્ર મોદીની તુલના વાનર સાથે કરી. ભાજપના રાષ્ટ્રીય ઉપપ્રમુખ પુરૂષોત્તમ રૂપાલાએ બહેનો માટે એક વિચિત્ર કોમેન્ટ કરી જેણે પણ ઉગ્ર પ્રતિભાવો પેદા કર્યાં. પછી જેમ જેમ ચૂંટણી નજીક આવતી ગઈ તેમ વ્યક્તિગત આક્ષેપોની ભરમાર શરૂ થઈ. તેમાં પણ ગુજરાત પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ કેશુભાઈ પટેલે મોદીને અનેક વિશેષણોથી નવાજ્યા. આ બધી વિગતોમાં ન પડીએ તે જ સારૂં.

પછી વાત આવે છે બંને મુખ્ય પક્ષોએ પાછા છાપા દ્વારા કરેલી જાહેરખબરોની. ભાજપનો મારો એવો રહ્યો કે કેન્દ્રની કોંગ્રેસ સરકારે ગુજરાતને ખુબ જ અન્યાય કર્યો છે તો તેની સામે કોંગ્રેસે પોતાની જાહેરખબરો દ્વારા ગુજરાત સરકાર ૬ કરોડની ગુજરાતની પ્રજાની નહીં પણ માત્ર ૬ કરોડપતિઓની સેવા કરી છે તેમ કહ્યું. આ તમામ જાહેરખબરોમાં ભાજપ તરફથી 'ભાઈ ભાઈ' ગીત દ્વારા અરવિંદ વેગડા અને કોંગ્રેસ તરફથી 'દિશા બદલીએ, દશા બદલીએ' જાહેરખબર દ્વારા તુલિકા પટેલ જાણે આઈકોન બની ગયા. આ બંને જાહેરખબરો ખુબ શાલીન અને નાટ્ય તથા સૌંદર્ય તત્ત્વોથી ભરપૂર હતી. એક વખત તો એવું લાગ્યું કે વિવિધ નેતાઓએ ભાષણો દ્વારા જાહેર જીવનના સ્તરને નીચે ઉતારી દીધું હતું. તેની સામે આ બંને કલાકારોએ પ્રજા જીવનના સંસ્કારોને જીવતા કર્યા. પરંતુ વિધિની વિચિત્રતા તો જુઓ? કોંગ્રેસની જાહેરખબરોમાં ચમકતાં તુલિકા પટેલ સામે વ્યક્તિગત હનનની એક ઝુંબેશ ચાલુ થઈ. તેને નામે ખોટા ઈન્ટરનેટ એકાઉન્ટ ખુલ્યા અને તેમાં ભૂતિયા લોકોએ આ યુવતીનાં વ્યક્તિત્વને નુકશાન કરતી જાત જાતની વાતો મુકી. આનાથી ચલિત થઈને તુલિકા પટેલે પત્રકાર પરિષદ સંબોધી ખુલાસો કરવો પડ્યો. અરવિંદ વેગડા વિષે પણ જ્ઞાતિ અંગે ટીકાઓ થઈ હતી. આ બતાવે છે કે ગુજરાતનું રાજકીય કલ્ચર કેટલું નીચું ઉતરી ગયું છે.

હવે આ બધું વિશ શમન ચાલતું હતું ત્યારે ગુજરાતની પ્રજાએ કોઈ પ્રતિભાવ આપ્યો નહોતો. કદાચ રાજકારણઓએ માની લીધું હોય કે પ્રજાને આ બધું ગમે છે. અને છેક સુધી આ બધું ચાલુ રહ્યું. પરંતુ પ્રજાને આટલા નિમ્ન સ્તર પર ઉતરવું નહોતું. એટલે પ્રજા શાંત રહી. આનો અર્થ પ્રજાની ઉદાસીનતા તરીકે ન લેવો જોઈએ. આનો અર્થ એ જ થાય કે પ્રજાને આ બધું ગમતું નથી. પ્રજાનો વારો આવશે ત્યારે પ્રજા બતાવી દેશે તેમ સમજવું રહ્યું. અને વાસ્તવમાં પ્રજાએ બતાવી પણ આપ્યું. પ્રથમ તબક્કાના મતદાન દરમિયાન જે વિક્રમસર્જક સિત્તેર ટકા મતદાન થયું તે બતાવે છે કે પ્રજાએ હજી લોકશાહીમાં શ્રધ્ધા ગુમાવી નથી. આ વધેલી ટકાવારી આજે બીજા તબક્કા દરમિયાન પણ જળવાઈ રહી અને લગભગ સરેરાશ ૭૦ ટકા જેટલું મતદાન થયું.

હવે એક બાજુ પ્રજા મતદાનમાં ઉત્સાહ દાખવી રહી છે, તો સામે પક્ષે નેતાઓ આ વધેલું મતદાન પોતાના પક્ષના લાભમાં છે તેવું કહેવા લાગ્યા છે અને હાથની બે આંગળી વિજયના સ્વરૂપે બતાવીને આ લાભ અંકે કરવા બાલિશ પ્રયાસો કરવા લાગ્યા છે. પરંતુ ખરેખર તો આ વધેલું મતદાન 'પ્રો ઈન્કમબન્સી' કે 'એન્ટી ઈન્કમબન્સી' તરીકે ગણવાને બદલે લોકશાહી તરફી ગણવું જોઈએ. આ

**એક બાજુ પ્રજા મતદાનમાં ઉત્સાહ દાખવી રહી છે, તો સામે પક્ષે નેતાઓ આ વધેલું મતદાન પોતાના પક્ષના લાભમાં છે તેવું કહેવા લાગ્યા છે અને હાથની બે આંગળી વિજયના સ્વરૂપે બતાવીને આ લાભ અંકે કરવા બાલિશ પ્રયાસો કરવા લાગ્યા છે, પરંતુ ખરેખર તો આ વધેલું મતદાન 'પ્રો ઈન્કમબન્સી' કે 'એન્ટી ઈન્કમબન્સી' તરીકે ગણવાને બદલે લોકશાહી તરફી ગણવું જોઈએ; આ મતદાન કોંગ્રેસ કે ભાજપ તરફી કે વિરોધી હોવાને બદલે સારા ઉમેદવારો તરફી લાગે છે**

**તમામ જાહેરખબરોમાં ભાજપ તરફથી 'ભાઈ ભાઈ' ગીત દ્વારા અરવિંદ વેગડા અને કોંગ્રેસ તરફથી 'દિશા બદલીએ, દશા બદલીએ' જાહેરખબર દ્વારા તુલિકા પટેલ જાણે આઈકોન બની ગયા; આ બંને જાહેરખબરો ખુબ શાલીન અને નાટ્ય તથા સૌંદર્ય તત્ત્વોથી ભરપૂર હતી. એક વખત તો એવું લાગ્યું કે વિવિધ નેતાઓએ ભાષણો દ્વારા જાહેર જીવનના સ્તરને નીચે ઉતારી દીધું હતું. તેની સામે આ બંને કલાકારોએ પ્રજા જીવનના સંસ્કારોને જીવંત કર્યા**

**વિશ શમન ચાલતું હતું ત્યારે ગુજરાતની પ્રજાએ કોઈ પ્રતિભાવ આપ્યો નહોતો, કદાચ રાજકારણઓએ માની લીધું હોય કે પ્રજાને આ બધું ગમે છે અને છેક સુધી આ બધું ચાલુ રહ્યું; પરંતુ પ્રજાને આટલા નિમ્ન સ્તર પર ઉતરવું નહોતું એટલે પ્રજા શાંત રહી - આનો અર્થ પ્રજાની ઉદાસીનતા તરીકે ન લેવો જોઈએ, આનો અર્થ એ જ થાય કે પ્રજાને આ બધું ગમતું નથી, પ્રજાનો વારો આવશે ત્યારે પ્રજા બતાવી દેશે તેમ સમજવું રહ્યું અને વાસ્તવમાં પ્રજાએ બતાવી પણ આપ્યું**

## ચૂંટણી ચક્રવ્યૂહ

- યુયુત્સુ દેસાઈ

મતદાન કોંગ્રેસ કે ભાજપ તરફી કે વિરોધી હોવાને બદલે સારા ઉમેદવારો તરફી લાગે છે. લોકશાહીને જીવંત રાખવા બદલ ગુજરાતની પ્રજાને અભિનંદન આપવા પડે.

વિશેષમાં, ગુજરાત સહિત દેશનાં વિવિધ વિસ્તારોના મતદારોએ સારૂં શાસન આપનારાઓને ફરી તક આપી છે, તો એકથી વધઉ વખત સત્તા મળવાના કારણે છકી ગયેલા શાસકોની શાન ઠેકાણે લાવવાની તક પણ ચૂક્યાં નથી અને છકી ગયેલા શાસકોની શાન ઠેકાણે લાવવાની તક પણ ચૂક્યા નથી અને તેના ઉદાહરણો, પુરાવા રેકોર્ડ સ્વરૂપે સર્વત્ર ઉપલબ્ધ છે. આ સંજોગોમાં, ગુજરાતના ઠાકવા મતદારોએ રાજયમાં વર્તમાન સરકારને વધુ એક તક આપવાનો જનાદેશ આપ્યો છે કે પછી પરિવર્તનની દિશા પકડવાનું નક્કી કર્યું છે, તે કળવું અત્યારે તો નિષ્ણાતો માટે પણ કપરૂં બની રહ્યું છે. પણ ધરપત એ વાતની છે કે, આપણે હવે એના માટે બહુ રાહ જોવાની નથી. ગુરૂવારે લોકચુકાદો જાહેર થઈ જશે.

આજની તકે તો ગુજરાતના મતદારોએ ૭૦ ટકા જેટલું ભારે મતદાન કરી લોકશાહી અને તેમાં પ્રજામતનો મહિમા વધાર્યો છે અને વધાવી લેવું રહ્યું.

